**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ.વિંઝોલ, તા.ગોધરા, જિ.પંચમહાલ-૩૮૮૭૧૩

નં.એકેડેમિક/૨૪૨૦ /૨૦૨૪ તા.૦૪/૦૫/૨૦૨૪

પરિપત્ર : ૩૩૫૯
સંદર્ભ: કે.સી.જી. ના તા.૦૪/૦૫/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: જીકેસ/હેલ્પ/પત્ર/૨૦૨૪-૨૫/૧૧૮

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન સરકારી અને ગ્રાન્ટ ઇન એઈડ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, GCAS (ગુજરાત કોમન એડમીશન સર્વિસીસ) માટે ડોક્યુમેન્ટ વેરીફીકેશન કમ હેલ્પ સેન્ટરની રચના કરવા જણાવવામાં આવેલ હતું. ડોક્યુમેન્ટ વેરીફીકેશન કમ હેલ્પ સેન્ટરની માર્ગદર્શિકામાં સૂચવ્યા મુજબ GCAS પર આવેલ અરજીઓની ચકાસણીની કામગીરી કરવાની થતી હતી, જે હવેથી હેલ્પ સેન્ટરના અધ્યાપકશ્રી/કર્મચારીઓએ કરવાની થતી નથી. વિદ્યાર્થી જે-તે કોલેજ/યુનિવર્સિટીના જે પણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાને જરૂરી લાયકાત ધરાવે છે કે નહી તે જોવાની જવાબદારી પ્રવેશ આપનાર સંબંધિત સંસ્થાની રહેશે, જેનો અમલ યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટ ઇન એઈડ અને સ્વ-નિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓએ કરવાનો રહેશે. વધુમાં જણાવવાનું કે વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપી ફોર્મ ભરવામાં જરૂરી મદદ કરવાની રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
વિંઝોલ(ગોધરા)

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટ ઇન એઈડ અને સ્વ-ન નિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
(૨) યુનિવર્સિટીના તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

બિડાણ: ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્રની ફોટોકોપી

નકલ રવાના:
- કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ

**By Mail**

ક્રમાંક: જીકેસ/હેલ્પ/પત્ર/૨૦૨૪-૨૫/૧૧૮ તા: ૦૪/૦૫/૨૦૨૪

પ્રતિ
રજીસ્ટ્રારશ્રી,
GCAS સાથે સંકળાયેલ ૧૫ સ્ટેટ યુનિવર્સિટીઓ,
ગુજરાત રાજ્ય.

**વિષય:** હેલ્પ સેન્ટરની કામગીરી બાબત.
**સંદર્ભ :** ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. ઉશિક/ યુનિવર્સિટી /જીકેસ/૨૦૨૪-૨૫/૯૮૯ તા: ૦૩/૦૪/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપની યુનિવર્સિટીના ભવનો અને સંલગ્ન કૉલેજોમાં સંદર્ભદર્શિત પત્રથી ડૉક્યુમેન્ટ વેરીફીકેશન કમ ઈન્ફોર્મેશન હેલ્પ સેન્ટરની રચના કરવા જણાવવામાં આવેલ હતું. ડૉક્યુમેન્ટ વેરીફીકેશન કમ ઈન્ફોર્મેશન હેલ્પ સેન્ટરે સંદર્ભદર્શિત પત્ર સાથે બિડાણ કરેલ માર્ગદર્શિકામાં સૂચવ્યા મુજબ GCAS પર આવેલ અરજીઓની ચકસણીની કામગીરી કરવાની થતી હતી. જે હવેથી હેલ્પસેન્ટરના અધ્યાપકશ્રી/કર્મચારીઓએ કરવાની થતી નથી. વિદ્યાર્થી જે તે કોલેજ/યુનિવર્સિટીના જે પણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાને જરૂરી લાયકાત ધરાવે છે કે નહીં તે જોવાની જવાબદારી પ્રવેશ આપનાર સંબંધિત સંસ્થાની રહેશે.

ફાળવેલ હેલ્પ સેન્ટર સંદર્ભપત્રમાં સૂચવ્યા મુજબ કાર્યરત જ રહેશે. જ્યાં અધ્યાપકશ્રી/કર્મચારીઓએ આવનાર વિદ્યાર્થીઓને GCASનું ફોર્મ ભરવામાં કોઈ તકલીફ પડતી હોય તો તેમને વિવિધ અભ્યાસક્રમ, કોલેજ, યુનિવર્સિટી, વખતો વખત જાહેર કરવામાં આવતી સમય સારણી અને પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપી ફોર્મ ભરાવવામાં મદદ કરવાની રહેશે. આ માટે હેલ્પ સેન્ટર પર કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર, ઇન્ટરનેટ વગેરે જેવી પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે. આ બાબતનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

આ માહિતી અંગે આપની યુનિવર્સિટીના ભવનો અને સંલગ્ન કૉલેજોને જાણ કરી તેનો અમલ કરાવવા વિનંતી.

માન. સીઈઓ, કેસીજીની નોંધ પર મળેલ મંજૂરી અનુસાર

મેમ્બર સેક્રેટરી
ગુજરાત કોમન એડમીશન સર્વિસીસ
અમદાવાદ